# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૭૫ • તા.૧૬ ઓક્ટોબર થી ૨૨ ઓક્ટોબર ૨૦૨૧



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





## શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા કેડીઓ ફર્સ્ટ ઈવેન્ટનું સફળતાપૂર્વક આયોજન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# ત્રણ કુળને તારનારી દીકરી

ભારતની કુટુંબ-સમાજ વ્યવસ્થા પરંપરાગત રીતે પુરૂષ પ્રધાન છે. અગાઉ શિક્ષણ ઓછું પ્રચલિત હતું. ટેકનોલોજીની અસર ન હતી. વડીલોની આમન્યા તળે કુટુંબના સભ્યો આદર માન જાળતા હતા. પણ હવે શિક્ષણનું મહત્વ વધયું છે. વિજ્ઞાનની પ્રગતિથી સંદેશ વ્યવહાર, અવર જવર માટેના ઝડપી વાહનોના પ્રતાપે પ્રવાસ કરવું સુવિધા જનક થયું છે. ગામડાઓ ભાંગતા જઈ શહેરો વિકસતા જાય છે. ભણતરને લીધે વિચારોમાં મોકળાશ વધી છે. મહિલાઓ શિક્ષણ પામી આગળ વધી રહી છે. પુરૂષોની બરોબરનો દરજ્જો મહિલાઓને મળવા લાગ્યો છે.

આ વૈચારિક પરિવર્તનને લીધે બેટી બચાવ પેઢી પઢાવ જેવા નારાને લીધે ભ્રુણ પરીક્ષણ બંધીને કારણે દીકરીઓનો જન્મ દર વધવા પામ્યો છે. પહેલાંની જેમ દરેક કુટુંબમાં ત્રણથી પાંચ સંતાન સામાન્ય રહેતાં તે હવે એક કે બે, પછીએ દીકરા હોય કે દીકરીઓ ત્યાં સુધી સીમિત રહી ગયો છે. વર્તમાન સમયની વાત કરીએ તો દીકરા દીકરી વચ્ચેની ભેદરેખા હવે અમુક અંશે જ નજરે પડે છે. આજે સ્ત્રી પુરૂષના ખભે ખભા મેળવી તેને દરેક ક્ષેત્રમાં સાથ આપે છે. એટલું જ નહીં અમુક ક્ષેત્રમાં પુરૂષ કરતાં સ્ત્રી બે ડગલાં આગળ છે. એમ કહીએ તો ખોટું નથી.

ભૂતકાળ સમયની વાત કરીએ તો બહુધા જણ દીકરીને પરિવારનો બોજ સમજતા. ઘરમાં માત્ર દીકરીનો જન્મ ન હોવો જોઈએ. કારણકે પરિવારમાં જન્મી ઉછરી કેળવણી તાલીમને શિક્ષણ લઈ સજ્જ થયેલી દીકરી પરણીને અન્ય પરિવારમાં સમાઈ જાય છે. પિયરવાળાઓએ તેની પાછળ કરેલું રોકાણનું વળતર સાસરા પરિવારને આપે છે. એવી માન્યતા હવે ભાંગીને ભૂકો થઈ ગઈ છે. પરિવારનો ચક્ર દીકરી છે કારણકે દીકરી જ ભવિષ્યની પુત્રવધૂ છે અને માતા છે. દીકરીથી જ પરિવારમાં દીકરાઓ જન્મશે. માન્યતા એવી પ્રર્વતે છે કે દીકરીઓ આપણા કુળને તારે છે. પણ હકીકતમાં જોઈએ તો દીકરી ત્રણ કુળને તારે છે. મોસાળનું, પિયરનું અને સાસરીયાનું પોતાની કલા કૌશલ અને કાર્યથી નામ બુલંદ કરનાર કોની દોહિત્ર છે, કોની પુત્રી છે અને કયા પરિવારની પુત્રવધૂ છે એ સમાજમાં પૂછાય છે.

આજે જે કામ દીકરો કરે છે તે જ કામ તેનાથી ચડિયાતી રીતે દીકરી કરી શકે છે. જેટલું વધું શિક્ષણ તે મેળવશે તેટલી તેની વૈચારિક શક્તિ વધુને વધુ ખીલે છે.

ઘરની દીવાલો પર કંકુ થાપાની છાપ મૂકી રડતી વિદાય થનાર દીકરી પિતાના ઘરના સંબંધો, વ્યવહારો, સંસ્કારો એટલું જ નહીં નામ સરનામાં અને સંબંધો છોડીને નવા ઘરે એક રોપો ઉખેડીને અન્યત્ર રોપાય એમ વસે છે. દીકરીનું જીવન લગ્ન પછી અનેક રીતે બદલી જાય છે. નવા સંબંધો, નવી વ્યક્તિઓના સ્વભાવો સાથે એડજેસ્ટ કરી પોતાની જાતને ઓગાળી દઈ પોતાનો નવો ઘાટ ઘડે છે. આ ત્યાગ અને તપનો પ્રભાવ તે પરિવારને આપી તેને કુટુંબને સ્વાપર્ણ કરે છે. ઘરના કમાઉ દીકરાને જે માન પાન અને સ્થાન મળે છે એ જ માન પાન અને સ્થાન પુત્રવધૂને પણ મળવા જોઈએ. ઈન્જિનિયર બનેલ પુત્ર મકાન ચણી શકે છે. પણ એ મકાનને મંદિરમાં રૂપાંતરિત કરવાનું કામ માત્ર પુત્રવધૂ જ કરી શકે છે આ પૂત્રવધૂને પુત્રી ગણી તેનું માન સ્વમાન અને લાગણી પ્રેમ પરિવારમાં મળે તેની કાળજી સંભાળ લેવાય એવો વિચાર સર્વત્ર પ્રર્વતવો જોઈએ જો આપણે સમજીશું, સુધરશું અને બદલશું તો સમાજ પણ આપણી રાહે ચાલશે.

– જય જ્ઞાતિમૈયા

# જીવનનો દસ્તૂર

## સેક્રેટરીના બે બોલ..



**નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)**

માણસ ઈશ્વરને પ્રાપ્ત કરવા વિવિધ સ્થળે મુલાકાત લે છે. અનેક રીતે ભક્તિભાવ કરે છે છતાં ઈશ્વરને શું પામે છે? નહીં. કારણ કે ઈશ્વર સ્થૂળ રીતે કોઈ મૂર્તિ, મંદિર કે અન્ય પવિત્ર ધામમાં નથી વિરાજતો એનો કાયમી અડ્ડો દીનદુ:ખિયાના દિલમાં હોય છે. એટલે જ કોઈ કવિએ સાચું લખ્યું છે કે 'ઘણી મેં શોધ કરી શ્લોક, સ્તુતિને સ્તવનમાં પણ ઈશ્વર મને મળ્યો સ્નેહ અને સ્મિતમાં'. જ્યારે માણસો નાની વયના હતા ત્યારે મોટી મોટી વાતોમાં તણાઈ ગયા અને જ્યારે મોટા થયા ત્યારે નાની નાની વાતોમાં વિખેરાઈ ગયા. આ સનાતન સત્ય છે જીવનનું. સંબંધ નિભાવવાની ચાહ બન્ને તરફ હોય તો દુનિયાનો કોઈ સંબંધ કે વ્યવહાર ક્યારે તૂટતો નથી.

હક્ક વગરનું લેવાને લીધે મહાભારત સર્જાયું અને હક્કનું છોડી દેવાની ભાવનાને લીધે રામાયણની ગાથા લખાઈ. એટલે આપણા કર્મ જ આપણું ઘડતર કરે છે. ચરિત્રનું, વિચાર વર્તનનું. તમારા ચહેરા પરનું સ્મિત કુદરતે તમને આપેલી બક્ષિસ છે. પણ, જો એ સ્મિત જો અન્ય કોઈના ચહેરા પર લાવી શકો તો એ તમે કુદરતને આપેલી રિટર્ન ગિફ્ટ છે. જે એકલા દોડી રહ્યાં છે એમને શું ખબર કે સાથે ચાલવાની, સંગે રહીને ટહેલવાની મજા કંઈક ઓર હોય છે. ખૂબ આસાન છે કોઈને ગમી જવું. અઘરું તો છે સતત કોઈને ગમતા થવું. જિંદગી ત્યારે સફળ થઈ ગણાય જ્યારે તમારો પરિચય તમારે ન આપવો પડે. ગાડીની ઝડપ વધારી કોઈનાથી આગળ વધી જવું મનને સકુન આપે છે. પણ, આગળ વધયા પછી એકલા થઈ જવાનો દર્દ સહેવું પડે છે.

વાણીને શબ્દો હંમેશા સંવેદનાથી છલોછલ હોય છે. તેમને બનાવટનો અંચળો ઓઢાડીને છેતરવા, છંછેડવા, છાવરવા, છુપાવવા કે છલકાવવા એ આપણને નક્કી કરવાનું છે. આપણે વારંવાર માફ કરી શકીએ છીએ પણ ભરોસો એક જ વાર કરી શકીએ છીએ. પગ ભીના કર્યા વગર સમુદ્રને પાર કરી શકાય પરંતુ આંખો ભીની કર્યા વગર જિંદગીને પસાર કરવી શક્ય નથી. જીવનમાં મળેલો બોધપાઠ એ છે કે આપણી પીઠ હંમેશા મજબૂત રાખવી કારણ કે દોસ્તોની શાળાની અને દુશ્મનો એ કરેલો દગો પીઠ પર પડે છે. વાર, માર અને પ્રહાર પીઠને ઝીલવો પડે છે. બદલો લેવાની મજા લેવા કરતા સામેવાળાના ચરિત્રને સમૂળગાં બદલાવી દો ત્યારે વધુ મજા આવે છે. સંબંધો એવા સારા જેમાં હક્ક પણ ન હોય અને કોઈ શક પણ ન હોય. ખુદને ખરાબ કહેવાની હિંમત નથી થતી એટલે લોકો આસાનીથી કહી દે છે કે જમાનો ખરાબ છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા કેડીઓ ફર્સ્ટ ઈવેન્ટનું સફળતાપૂર્વક આયોજન





આજકાલ આજકાલ કરતા મુંબઈ મહાજનના અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓને અઢાર મહિનાના વહાણા વીતી ગયા આ અઢાર મહિનામાં જ્ઞાતિજનોએ ઘણુ બધું ખોયું અને ઘણુ બધું નવું નવું જાણવા મળ્યું. ઘણા સારા નરસા અનુભવો જોવા મળ્યા. આ અઢાર મહિનામાં નવી ટીમ એ કોરોના કાળને માત આપીને યુદ્ધના ધોરણે સમય સૂચકતા વાપરી અને જ્ઞાતિજનોની સારામાં સારી સેવા સરકારના નિયમોને આધીન કરી હતી. હવે જ્યારે કોરોના કાળનો પ્રકોપ ઓછો થયો છે ત્યારે ફરી આ બધા નવા પદાધિકારીઓ નવા જોમ અને જુસ્સા સાથે કેડીઓ ફર્સ્ટનું લોન્ચીંગ કરી એક નવું નજરાણું તા.૧૫ ઓક્ટોબર શુક્રવાર વિજયાદશમી પર્વ દિને મેવાડ હૉલ ભાંડુપમાં સાંજે ૫ થી ૭ દરમ્યાન યોજાયો.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી ઉદયરત્નસાગરજી અને ગુણવલ્લભ મ.સા.એ ધાર્મિક મંત્રોચ્ચાર કરી પ્રારંભ કર્યો હતો. કોમ્પેરર ધારિણી મોતાએ કાર્યક્રમની બાગડોર સંભાળી હતી.

મુંબઈ મહાજનના પ્રમુખશ્રી નયનભાઈ ભેદાએ સ્વાગત પ્રવચન આપ્યું હતું અને ગયા અઢાર મહિનામાં જ્ઞાતિજનોને રૂબરૂ મળી ન શકવાનો ખેદ પણ વ્યક્ત કર્યો હતો અને તેમણે જણાવ્યું હતું કે અમારી ટીમ એ જ્ઞાતિની સમય ઉપયોગીતાને હિસાબે અને સરકારની ગાઈડલાઈન્સ પ્રમાણે ઘણા નવા કન્સેપ્ટો રજૂ કર્યા હતા તેમાં ડિઝીટલ મિડીયાનો સારામાં સારો ઉપયોગ કરી અને જ્ઞાતિને એક મંચ પર લાવ્યા હતા. જેમાં આબાલ વૃદ્ધ બધાએ હોંશે હોંશે લાભ લીધો હતો અને દેશ પરદેશમાં મુંબઈ મહાજનને એક નવી ટોંચ ઉપર પહોંચાડી શક્યા હતા. જેનો શ્રેય સોશ્યલ મિડીયાના જયેશભાઈ મોમાયાને જાય છે જેમણે સમયાંતરે ડિઝીટલ મિડીયા દ્વારા આપણી પરંપરા જાળવી રાખી હતી જેનું ટૂંક અહેવાલ નયનભાઈ ભેદાએ આપી અને સર્વ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું.





# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા કેડીઓ ફર્સ્ટ ઈવેન્ટનું સફળતાપૂર્વક આયોજન



નયનભાઈએ મહાજનની વિવિધ કમિટીઓ દ્વારા થતાં જ્ઞાતિના કાર્યોની વિગતવાર સમીક્ષા કરી તેની માહિતી આપી હતી. આગામી સમય દરમ્યાન મુંબઈ મહાજનના નેજા હેઠળ અનંત સિધ્ધિ પરિસરનું રીડેવલોપમેન્ટ, શ્રી અનંતનાથજી દેરાસરનો જિર્ણોધ્ધાર વગેરેના કાર્યોની તપશીલ અપાઈ હતી.

જ્ઞાતિ સમાજના દરેક સારા કાર્યોની કરોડજ્જુ દાતાઓ છે. એ ભાવનાને મધ્ય નજર રાખી તેમના દ્વારા તેમના આત્મીય સહયોગની નોંધ લઈ મુંબઈ મહાજન એ ભાવપૂર્વક સંભારણું કરી તેમનો સત્કાર કર્યો અને આવો સહયોગ નિરંતર મળતો રહે એવો ભાવ ધરાવ્યો હતો.

જ્ઞાતિના દરેક કાર્યો દાતાઓના સદ્‌ભાવ સારી રીતે સંચાલિત થઈ રહ્યાં છે. હાલમાં કોરોના વેક્સિનેશનની ડ્રાઈવ ભવ્યતાથી શરૂ છે અને જ્ઞાતિજનો તેનો સારો લાભ લઈ રહ્યાં છે. આ ઉપયોગી પ્રકલ્પમાં રૂા.૧૮ હજારનું અનુદાન નોંધાવી દાતા તરીકે જોડાવાની અપીલ થઈ તેનો કાર્યક્રમમાં જ તત્કાલ બહોળો પ્રતિસાદ સાંપડયો હતો અને ઘણા દાતાઓ જોડાયા હતા. આ સદ્‌ભાવ ભરી પહેલની નોંધ લઈ તેમની અનુમોદના કરાઈ હતી. આગામી પાંચ વર્ષ માટે જે પરિવારો એ તન-મન-ધનથી સાથ સહકાર આપવાના છે તે સર્વ પરિવારોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર આયોજન હાલે ગવર્મેન્ટની ગાઈડલાઈન્સને અનુરૂપ અને તેના નિયમોને આધિન રહીને દરેક પ્રોટોકોલ જાળવીને કરાયું હતું. સહભાગીઓની સંખ્યાને પણ મર્યાદિત રખાઈ હતી. આ ઈવેન્ટની યુટ્યૂબ લિંક દ્વારા વિવિધ સ્થળોએથી જ્ઞાતિજનો આ કાર્યક્રમને ઘેર બેઠા માણ્યો હતો અને લાભ લીધો હતો.

# મુંબઈ મહાજનની યુવા ટીમની યુવા બ્રિગેડ દ્વારા કિશોર સોઢા સંગે દાંડિયા રાસનો પ્રોગ્રામ યોજાયો






મુંબઈ મહાજનની યુવા ટીમની યુવા બ્રિગેડ દ્વારા નવરાત્રોત્સવને અનુલક્ષી ૭ થી ૧૦ સમય દરમ્યાન દાંડિયા-રાસનો કાર્યક્રમ કિશોર સોઢા અને કલાકારોની સંગાથે રાખવામાં આવ્યો હતો. કોરોના કાળ દરમ્યાન દરેક યુવાનો ઘરમાં વર્ક ફ્રોમ હોમના કારણે કંટાળી ગયેલા અને કંટાળાને દૂર કરવા માટે યંગ બ્રિગેડ દ્વારા ૩ દિવસીય યુવા શિબિરનું આયોજન માથેરાન ખાતે રાખ્યું હતું અને માથેરાનની શિબિરને જે સફળતા મળી હતી તે ખરેખર સરાહનીય હતી જેમાં દરેકે દરેક યુવા ભાઈ-બહેનોમાં એક ભાઈચારાની ભાવના જાગી હતી અને જ્ઞાતિમાં વાહ વાહ મેળવી હતી.

યુવા બ્રિગેડની નિત નવી પ્રવૃત્તિઓ દ્વારા જ્ઞાતિની યુવા પેઢી સારી રીતે જોડાઈ ગઈ છે અને સારા એવા કાર્યક્રમો કરી રહી છે. જેમાં જ્ઞાતિના યુવકો-યુવતીઓના હૈયા હિલોળે ચઢયા હતા. જ્ઞાતિના યુવાનોનું સંગઠન યુવા બ્રિગેડ યુવાનોને માટે ઉપયોગી પ્રોજેક્ટ દ્વારા એકમેક સાથે સાંકળી રહ્યું છે.

યુવા બ્રિગેડ એ કિશોર સોઢાના સથવારે દાંડિયા રાસનો પ્રોગ્રામ કર્યો હતો અને આવાજ પ્રોગ્રામો ભવિષ્યમાં જ્ઞાતિજનોને આપતા રહેશે એવી બાહેંધરી આપી હતી.



# ગુણોદયપુરમના આંગણે પોષ દશમી અઠમ તપ આરાધના મહાતીર્થની ગોદમાં

અકલ્પનીય અનંતા અનંત મહિમાવંત શ્રી શત્રુંજય મહાતીર્થની ગોદમાં શ્રી ગુણોદયપુરમના આંગણે સંઘમાતા જયાબેન વિશનજી મારુ અચલગચ્છ જૈન વિવિધલક્ષી સંકુલના પ્રાંગણે પોષ દશમી અઠ્ઠમતપ આરાધના કરાશે.

આરાધક આગમન અતરવાયણા દિન માગસર વદ ૮ તા.૨૬ ડિસેમ્બર રવિવાર અને તપ પારણા પૂર્ણાહૂતિ દિન માગસર વદ ૧૨ તા.૩૦ ડિસેમ્બર ગુરૂવાર. અઠ્ઠમ તપ આરાધનાના દિવસો વિ.સં.૨૦૭૮ માગસર વદ નોમ, દસમ, અગ્યારસ તા.૨૭, ૨૮ અને ૨૯ ડિસેમ્બર સોમવાર, મંગળવાર અને બુધવાર. આરાધક પ્રવેશ ફોર્મ ૧ ફોટા સાથે પુરૂ નામ, મૂળગામ, વય, સરનામું, મોબાઈલ નંબર, વોટસઍપ નંબર. વિશેષ કોઈ તપસ્યા ચાલુ છે? કંઈ? ૧૦૮ અઠ્ઠમ ચાલુ છે? વિગેરે પૂરી માહિતી ભરી આરાધકની અહીં કરી તા.૨૦ ઓક્ટોબર સુધી શેઠશ્રી નરશીનાથા ધર્મશાળા, ભીંડભંજન મહાદેવ મંદિરની બાજુમાં ચાર થાંભલા, નવાગઢ પાલીતાણા-૩૬૪૨૭૦ ગુજરાત અથવા રૂપેન પી. છેડા (મહેતાજી) શ્રી મૂર્તિપૂજક જૈન સંઘ, વાસુપૂજ્ય જૈન દેરાસર, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦ ઉપર કરવર પર અઠ્ઠમ તપ આરાધના લખી મોકલવા.




ઉપકાર સ્મૃતિ સ્વાધ્યાય પ્રેમી પ.પૂ. સુસાધ્વીશ્રી નરેન્દ્રશ્રીજી મ.સા., શાસન પ્રભાવિકા પ.પૂ.સુસાધ્વીશ્રી વિક્ષુત્પ્રભાશ્રીજી મ.સા. અનુગ્રહ ઉપસ્થિતિ પ્રવર્તીની મહતરા, મુખ્યા સાધ્વી પ.પૂ.સુસાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા., પાલીતાણા સ્થિત અચલગચ્છીય પૂજ્ય સાધ્વીજી ભગવંતો, સૌભાગી સાંનિધ્ય, પાવનીય પ્રેરણા આત્માનંદી પ.પૂ.સુસાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા., સદાનંદી પ.પૂ.સુસાધ્વીશ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા. આદિ ઠાણા નિર્મળ નિમિત જ્ઞાનાનંદી પ.પૂ.સુસાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા.ના સુવર્ણ વર્ષની અનુમોદનાર્થે આ આરાધનાનું આયોજન છે. સુકૃતના લાભાર્થી ગુરૂચરણો પાસક ગુરૂભક્ત પરિવાર માંડવી-કચ્છ.

૧) આરાધકે પૂજા સામાયિકના જરૂરી ઉપકરણો સાથે લાવવા ૨) ત્રણેય દિવસની તમામ આરાધનામાં હાજરી અવશ્ય આપવાની રહેશે. ૩) વ્યવસ્થાપકની મંજૂરી વગર ક્યાંયે બહાર જઈ શકાશે નહીં. ૪) આધાર કાર્ડ ઝેરોક્સ તથા કોવિડ વેક્સિન સર્ટિફિકેટ સાથે જરૂર રાખવું. ૫) ઠંડી માટેના સાધનો પોતાની સાથે લાવવાના રહેશે. ૭) ફોર્મ પહોંચાડવાની અંતિમ તા.૨૭ ઓક્ટોબર ૮) ફોર્મ પાસ થયાની જાણ તા.૨૫ ઓક્ટોબર સુધી કરવામાં આવશે. ૯) આરાધના અચલગચ્છીય સમાચારી પાડનારા માટે છે. સંપર્ક સૂત્ર રમેશભાઈ લાડાયા-૯૮૯૨૦૦૩૯૪૦ તથા રાજવીબેન શાહ-૯૯૨૫૬૯૨૯૯૬.

## શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા કેડીઓ જ્ઞાતિજનો માટે રસીકરણ ડ્રાઈવ

શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા જ્યુપીટર હોસ્પિટલ થાણાના આયોજન હેઠળ, શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના આત્મીય સાથથી કેડીઓ પરિવાર માટે કોવિડશીલ્ડ રસીના પ્રથમ કે દ્વિતિય ડોઝ લેવા માટે નિઃશુલ્ક કેમ્પનું આયોજન ઓક્ટોબર માસ દરમ્યાન કરાશે. પ્રત્યેક ડોઝ રૂા.૭૮૦/- છે. પણ કેડીઓ જ્ઞાતિજનો માટે નિઃશુલ્ક રહેશે. આ ચાર્જ શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને દાતાઓ વહન કરશે.

અત્યાર સુધી કેડીઓ કેર અંતર્ગત ૪૬૫૦ ડોઝ વ્યક્તિગત અપાયા છે. જેમાં પ્રથમ ડોઝ લેનાર ૧૬૨૦ વ્યક્તિ, બીજી ડોઝ ૧૭૨૬ વ્યક્તિઓએ લીધો જ્યારે પ્રથમ અને બીજો ડોઝ ૬૫૨ વ્યક્તિઓ લીધો એટલે ૧૩૦૪ મલી કુલ્લ ૧૮ વર્ષથી ઉપરના ૪૬૫૦ જણએ આ લાભ પામ્યા છે.

મુંબઈ મેટ્રોરિજનમાં રહેતા ૧૦૦% ટકા જ્ઞાતિજનો રસી મેળવે એ લક્ષ્ય છે. જે માટે પ્રથમ કે બીજો ડોઝ મેળવવા ઈચ્છતા ૧૮ વર્ષથી ઉપરના જ્ઞાતિજનો ગુગલ ફોર્મ https://forms.gle/S9wNzWZsuWovRKwU6 લિંક પર રજિસ્ટ્રેશન કરી લે. રસીકરણ કેમ્પની જગા રજિસ્ટ્રેશન થનાર સંખ્યા ઉપર નક્કી કરાશે.

વધુ વિગત માહિતી માટે પીયૂષ પ્રજાપતિ-૭૭૩૮૦૫૨૧૦૩ અથવા પ્રેરણા ધરમશીને સાંજે ૪ થી ૭ દરમ્યાન મો.નં.૯૩૨૬૧૪૭૫૨૯નો સંપર્ક કરવો.

---

## શ્રી શંખેશ્વર ધામે સંગેમરમરના જિનાલય ગુરુમંદિરની અંજનશલાકાનું આગોતરું આમંત્રણ

શ્રી શંખેશ્વર તીર્થ ધામે શ્રી શંખેશ્વર લોલાડા કલ્યાણ જૈન શ્વેતાંબર તીર્થ ટ્રસ્ટ સંચાલિત મઠુબાપા ભવન મધે દેવાધિદેવ ૨૩મા તીર્થંકર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના દેવવિમાન તુલ્ય અંગે મરમરનું જિનાલય તથા લોલાડા રત્ન દાદા શ્રી કલ્યાણસાગરસૂરિજી મહારાજાનું ભવ્ય ગુરૂમંદિર નિર્માણ કરવાના અવસર પ્રસંગે અંજનશલાકા પ્રતિષ્ઠા નવાહ્નિકા મહોત્સવ પ્રારંભ તા.૧૦ ફેબ્રુઆરી ૨૦૨૨ ગુરૂવારથી તથા પ્રતિષ્ઠા દિવસ તા.૧૭ ફેબ્રુઆરી ગુરૂવારના.

પુણ્યપ્રભાવક સામ્રાજ્ય મંગલકારી નિશ્રા સાહિત્ય દિવાકર સંઘ કૌશલ્યાધાર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. મંગલ ઉપસ્થિત આશિષ શાસ્ત્ર સંશોધક, પ.પૂ.આ.ભ.શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા., સરળ સ્વભાવી પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પ્રશમરશી નિધિ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

નવકાર મહામંત્ર આરાધક, સિધ્ધચક્ર સાધક અખંડ અખંડ ૨૫-૨૫ વર્ષીતપના આરાધક સમાજરત્ન નરેન્દ્રભાઈ રામજી નંદુ, એમના સહાયક શ્રાવક રત્નો કયવન્ન-જય-મેઘનંદુ. પ્રભુનિજ મંદિરે પધારશે એ પાવન ક્ષણ પ્રભુના કલ્યાણકોની ભવ્ય ઉજવણી પ્રસંગે શંખેશ્વર તીર્થ મુકામે આપ સૌની પાવન ઉપસ્થિતિ નિશ્રાની વિનંતી તીર્થ ટ્રસ્ટી વતી કરાઈ છે.

---

## નલિયા પાંજરાપોળને જીવદયાની કાયમી મિતિ સ્વરૂપે મળેલ અનુદાન

શ્રી વર્ધમાન તપોનિધિ પ.પૂ.મુનિરાજ શ્રી હિંકારસાગરજી મ.સા.ની વર્ધમાન તપની ૯૯મી ઓળીની પૂર્ણાહૂતિ તથા કુલીકાંત હિરાચંદ ખોના નલિયા-સોનગઢના જન્મદિન નિમિત્તે શ્રી નલિયા પાંજરાપોળને રૂા.૨૫૦૦/-નું અનુદાન જીવદયાની કાયમી મિતિ સ્વરૂપે મળેલ છે. હસ્તે અ.સૌ.લતિકા કુલીકાંત ખોના, શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયા આ માટે અનુમોદના વ્યક્ત કરે છે.

આપના શુભ અશુભ પ્રસંગે દાન આપી લક્ષ્મીને સારા માર્ગે વાપરીને પુણ્ય ઉપાર્જન કરી શકો છો. પુત્ર-પુત્રી જન્મ ખુશાલી, જન્મદિવસ, લગ્નતિથિ, કોઈ ધાર્મિક પ્રસંગ, કોઈ સ્વજનનું સ્વર્ગાગમન કોઈની પુણ્યતિથિ, સ્મૃતિ ભેટ ઈત્યાદિ અવસરે અબોલજીવોને યાદ કરજો. આ દાન ઈન્કમટેક્ષમાં ૮૦ જી હેઠળ બાદ મળે છે. સંપર્ક નલિયા પાંજરાપોળ મેનેજર ભાવેશ પટેલ મૈશેરી-૦૨૮૩૧-૨૨૨૩૩૭, ૦૭૩૫૯૭૭૧૯૪૯, ૦૯૭૧૨૦૭૧૯૪૯.

# ભાંડુપથી અગાશી તીર્થ સુધી પાંચ દિવસીય છરી પાલિત સંઘનું આયોજન

માટુંગા સંઘમાં સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.એ ભાંડુપ નગરથી અગાસી તીર્થ સુધીનો ઐતિહાસિક જાજરમાન, ભવ્યાતિભવ્ય અને અલૌકિક છ'રિ પાલક સંઘના મુહૂર્ત શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપના પદાધિકારીઓને પ્રદાન કર્યો.

તા.૨૨ ડિસે. ૨૦૨૧ બુધવારથી તા.૨૫ ડિસે. રવિવાર સુધી પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની પાવનપ્રેરણાથી અચલગચ્છીય સાધુ સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં નીકળશે. ભાંડુપથી થાણા શ્રી મુનિસુવ્રત સ્વામી, થાણાથી ભીંવડી શ્રી મુનિસુવ્રત સ્વામી, ભીંવડીથી કામણ શ્રી મુનિસુવ્રત સ્વામી, કામણથી નાલાસોપારા, શ્રી મુનિસુવ્રત સ્વામી, નાલાસોપારાથી અગાસી તીર્થ શ્રી મુનિસુવ્રત સ્વામી, અગાસી તીર્થમાં સંઘમાળ અચલગચ્છાધિપતિની શુભ નિશ્રામાં.

સંઘમાં જોડાવવા ઈચ્છતા ભાવિકએ દશેરા દિવસે પોતાનું ફોર્મ ભાંડુપ અનંત સિધ્ધિમાં ભરી લે. આ એક દિવસે જેટલા નામ આવશે એમને આ પદયાત્રા સંઘમાં સહભાગી થવાનો અલભ્ય અદ્વિતિય અને અદ્ભૂત લહાવો મળશે.

દશેરાના શુભ દિને ફોર્મ વિતરણનો પ્રારંભ થયો અને બે કલાકમાં ૨૫૦ યાત્રિકો જેમાં ૧૬ થી ૪૬ વર્ષના યુવક-યુવતીઓ અધિક સંખ્યા રહી તેઓએ ભરીને આપ્યા હતા. અધિકતર યુવા વર્ગના સહભાગના આ છરી પાલિત પગપાળા યાત્રાની રૂપરેખા આ મુજબ છે. તા.૨૨ ડિસે. બુધવાર ભાંડુપથી થાણા તીર્થ તા.૨૩ ડિસે. ગુરૂવાર થાણાથી ભીંવડી ઓસવાલ પાર્ક, તા.૨૪ ડિસે. શુક્રવાર ભીંવડીથી કામણ તીર્થ, તા.૨૫ ડિસે. શનિવાર નાલાસોપારા (પૂર્વ), તા.૨૬ ડિસે. રવિવાર અગાસી તીર્થ (સંઘ માળા)

# નાગપુર યુવા મંચની નવી કાર્યકારિણી કમિટીના પદાધિકારીઓની નામાવલિ

નાગપુર યુવા મંચની નવી કાર્યકારિણી નવી ટર્મ માટે કમિટીના પદાધિકારીઓની વરણી થઈ હતી. જેમાં ટ્રસ્ટી તરીકે તૃપ્તિ નિખિલ ખોના, ફીનલ રીશિ લોડાયા, ભાવિની યોગેશ જૈન તથા દર્શના પારસ શાહ જ્યારે પ્રમુખ તરીકે જતિન વર્ધમાન પટેલ, ઉપપ્રમુખો પદે વિવેક હંસકુમાર લોડાયા અને પલક નિખિલ ખોના, મંત્રી તરીકે દિશા તરૂણ શાહ, સહમંત્રી તરીકે રિધ્ધિ ખુશાલ પોલડિયા તથા કારોબારી સભ્ય તરીકે રક્ષા નિલય માલાણી, સોનલ કેતન શાહ અને મનન યોગેશ જૈન વરાયા સૌ પદાધિકારીઓને અભિનંદન સાથે.

તેમના દ્વારા જ્ઞાતિ સમાજના ઉપયોગી કાર્યો સતત થતા રહે એ શુભકામના.

# વોર્ડ ૧૭૭ના નગરસેવિકા નેહલ ખોના દ્વારા નાગરિક વિકાસ કાર્યોનું ભૂમિપૂજન કરાયું





માટુંગા (ઈસ્ટ) સેન્ટ્રેલ રેલ્વેના વોર્ડ ક્રમાંક ૧૭૭ના નગરસેવિકા નેહલ અમર શાહ સાંઘવ દાદર દ્વારા એમના વોર્ડમાં નાગરિક સુવિધા નવા વિકાસ કાર્યોનું ભૂમિપૂજન સ્થાનિક અગ્રણીઓ અને રહેવાસીઓની હાજરીમાં કરાયું.

# જીવન સંધ્યા સુખાલય ગદગમાં વડીલોનું હેલ્થ ચેકઅપ કરાયું

કર્ણાટક રાજ્યના ગદગ નગરના જીવન સંધ્યા સુખાલય વડીલ વિશ્રામધામમાં રહેતા વડીલોનું હેલ્થ ચેકઅપ કરાયું. જેમાં બ્લડપ્રેશર, ઓક્સિજન માત્રા ઈત્યાદિનું પરીક્ષણ બોસ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા કરાયુ અને વધતા ઓછા પ્રમાણ ધરાવનાર માટે સારવાર સૂચવાઈ હતી. આમ વડીલોના સ્વાસ્થ્ય માટે સુખાલયનું મેનેજમેન્ટ કાળજી ધરાવે છે અને પૂરતા પગલાં લે છે.

# પ.પૂ.સાધ્વી મહારાજ સાહેબ ઉપચાર કરાવી ચાતુર્માસ મુકામે પહોંચ્યા

પ.પૂ.સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા. અમદાવાદથી સારવાર કરાવી સુખરૂપ કચ્છ અબડાસા તાલુકાના સાંધવ નગરે પોતાના ચાતુર્માસ મુકામે પહોંચી આવ્યા છે. તબિયત સારી છે.

# તેરાતીર્થે મહારાજ સાહેબના ૬૭મા જન્મદિન અવસરે મહાકાલી માની ભાવના ભણાવવામાં આવી







કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના તેરા નગર તીર્થે ચાતુમાર્સ બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના ૬૭મા જન્મદિન નિમિત્તે પૂજ્ય સાહેબના વધામણા આપી મહાકાળી માની ભાવના ભણાવવામાં આવેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓના ઉત્સાહભર્યા સાથથી ધર્મ આરાધના ધન્યતાથી સંપન્ન થઈ હતી.

# ગોરેગામ સંઘમાં શંખેશ્વર પાર્શ્વનાથના અખંડ અભિષેક છઠ્ઠા સ્મરણના સતત ૨૭ વખત જાપ કરાયા

તા.૧૦ ઓક્ટોબર રવિવારના ગોરેગામ અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી કીર્તિગુણાશ્રીજી મ.સા.ની પુનિત સભર નિશ્રામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુને અખંડ અભિષેક છઠ્ઠા સ્મરણાના સતત ૨૭ વખત જાપ સાથે ભાવપૂર્વક કરાયેલ.







# જ્ઞાતિના દિવ્યાંગજનોની શક્તિ બનનાર દાતાઓને ભાવપૂર્વક નમન







સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની જ્ઞાતિના દિવ્યાંગજનોને આત્મીય આધાર આપતી અદ્‌ભૂત યોજના દિવ્યાંગ પાલક-દિવ્યાંગ શક્તિએ માનવસેવાની ઉત્તમ મિસાલ આપે છે. અન્ય પ્રત્યે અનુકંપા દાખવી, તેઓને પોતાની યથાશક્તિ મુજબ મદદરૂપ બની રહેવું એ ઉત્તમ માનવધર્મ છે. પ્રભુને પામવાનો એ અનન્ય માર્ગ છે.

જ્ઞાતિના અધૂરપ ધરાવતા છતાં કુદરત દ્વારા અલૌકિક તાકત મેળવનાર દિવ્યાંગજનોને આધાર રૂપ સહારો આપવા શ્રીમતી તેજલ રાજેશ લોડાયા, મોટી સિંધોડી-મુંબઈએ રૂા.૨૧૦૨૧ તથા જ્ઞાતિના એક અજ્ઞાત સાધર્મિક પરિવાર તરફથી રૂા.૧૦,૦૦૦/-નું અનુદાન પ્રાપ્ત થયું છે. માઁ શક્તિ અને ભક્તિના પર્વ પ્રસંગ ટાણે આરાધના રૂપ આ સહયોગ અત્યંત અનુકરણીય છે જેની હૃદયથી અનુમોદના છે.

---

## ભાંડુપ સંઘમાં ત્રિદિવસીય અદ્‌ભૂત સિધ્ધિદાયક શ્રી કાર્ય સિધ્ધિ મંત્ર સાધના થઈ

આજના કાલિકાળ યુગમાં ઘણી પ્રભાવશાળી અને અદ્‌ભૂત સિધ્ધિદાયક એવી શ્રી કાર્યસિધ્ધિ મંત્રની સાધના જે સંપૂર્ણ વર્ષમાં ફક્ત ત્રણ દિવસ આસો સુદ સાતમ, આઠમ અને નોમ તિથિ દિવસે થાય છે. ભાંડુપ સંઘમાં આ સાધના ધ્યાનયોગી ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવં યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની પ્રેરણાથી પીળા દ્રવ્યના આયંબિલ સાથે શ્રી નમિઉણ પાર્શ્વમંત્રની ૧૨૫ માળાની અખંડ આરાધના ભારતભરના ૧૪ રાજ્યોના હજારો શ્રાવક, શ્રાવિકાઓ એ ધર્મમય ભાવથી કરી આરાધના આયોજનને ભવ્યતા આપી હતી.

---


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ગોરેગામ સંઘમાં દિક્ષાર્થી મુમુક્ષુ કુમારીનું બહુમાન કરવામાં આવ્યું




તા.૧૩ ઓક્ટોબર ગુરૂવારના શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં રાજસ્થાન બાડમેર નિવાસી દિક્ષાર્થી મુમુક્ષુ કુમારી કરિશ્માબેન માંગીલાલજી બોહરાનું સન્માન કરાયું.



# ભુજ સંઘમાં ૫૮ શ્રાવક-શ્રાવિકાનો વ્રતોચાર અદ્‌ભૂત ઉત્સાહથી સંપન્ન થયા




સરળ સ્વભાવી પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ.મુનિરાજ રાજરત્નસાગરજી મ.સા.ની પાવન કારી નિશ્રામાં કચ્છ પ્રદેશના ઐતિહાસિક પાટનગર ભુજ નગરના અચલગચ્છ સંઘમાં ૫૮ શ્રાવક શ્રાવિકાના વ્રતોચાર અદ્‌ભૂત ઉત્સાહથી અને ધર્મમય માહોલમાં સંપન્ન થયા




# માટુંગા (ઈસ્ટ)માં નગરસેવિકા નેહલ ખોનાના પ્રયત્નોથી શ્રી સહસ્ત્રફણા પારસનાથ જૈન દેરાસર ચોકનું સ્થાપન થયું






તા.૧૫ ઓક્ટોબર શુક્રવાર વિજયાદશમીના પાવન દિને માટુંગા ઈસ્ટના ભવાનજી અરજણ રોડ અને મહિલા આશ્રમ રોડ જંક્શનના સ્થળે સ્થાનિક નગરસેવિકા નેહલ અમર શાહ ખોના, સાંઘવ-દાદરના પ્રયત્નોથી બી.એમ.સી. દ્વારા મંજૂર થયેલ શ્રી સહસ્ત્રફણા પારસનાથ જૈન દેરાસર ચૌકનું ઉદ્‌ઘાટન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના પાવન હસ્તે થયું.

આ અવસરે માટુંગા કચ્છી મૂર્તિપૂજક જૈન શ્વેતાંબર સંઘના ટ્રસ્ટીઓ, વિવિધ સમાજના અગ્રણીઓ, સ્થાનિક રહેવાસીઓ તથા બીજેપી વોર્ડ ટીમના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી કાર્યક્રમની ગરિમા વધારી હતી.





# માંડવી સંઘમાં મુમુક્ષુ કરિશ્માબેન ઉમળકાભેર સ્વાગત કરાયું






કચ્છ પ્રદેશના બંદરીય નગર માંડવી સંઘમાં દિક્ષાર્થી મુમુક્ષુ કરિશ્માબેનનું દીક્ષા મુહુર્ત મળ્યા પછી આગમન થતા સંઘ દ્વારા ઉમળકાભેર સ્વાગત કરાયું હતું.

# અચલગચ્છાધિપતિ દ્વારા ૮ મુનિરાજને ગણિ પ્રર્વતક પદવી પ્રદાન કરવાની જાહેરાત





વિજયાદશમી તા.૧૫ ઓક્ટોબર શુક્રવારના શુભદિને માટુંગા સંઘને આગંણે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. દ્વારા ૮ મુનિરાજને ગણિપદ પ્રદાન કરવાની જાહેરાત કરાઈ અને તે વિષયકનો પત્ર અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના અધિકારીઓને અર્પણ કરાયો.

વરિષ્ઠ મુનિવરોને ગણિ-પ્રર્વતક પદવી પ્રદાન કરાશે જેમાં ૧) મુનિશ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા.ને ગણિ પદવી ૨) મુનિશ્રી રાજરત્નસાગરજી મ.સા.ને ગણિ પદવી ૩) મુનિશ્રી પુણ્યોદયસાગરજી મ.સા.ને પ્રર્વતક પદવી ૪) મુનિશ્રી કમલપ્રભસાગરજી મ.સા.ને ગણિ પદવી ૫) મુનિ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ને ગણિ પદવી ૬) મુનિશ્રી મલયસાગરજી મ.સા.ને પ્રર્વતક પદવી ૭) મુનિશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ને ગણિ પદવી ૮) મુનિશ્રી ધર્મરત્નસાગરજી મ.સા.ને ગણિ પદવી.

વિ.સં.૨૦૭૮ કારતક સુદ છઠ બુધવાર તા.૨૪ નવેમ્બરના કચ્છ બોંતેર જિનાલય તીર્થે મુંબઈ ગોરેગાવમાં પ્રદાન થશે. કચ્છમાં શાસન પ્રભાવક આ.પ્ર.શ્રી કવીન્દ્રસાગરસૂરિજીની નિશ્રામાં પદવી પ્રદાન થશે. મુનિ રાજોની અનુકુળતા ભાવના મુજબ અન્ય મુહૂર્તે પણ પદવીઓ પ્રદાન થશે.

સર્વે ગુરૂદેવોને કોટિ કોટિ વંદન સાથે હાર્દિક વધાઈ અને શુભકામના.






**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

## નગરસેવિકા નેહલ શાહ ખોનાની માય સ્ટેમ્પ અંતર્ગત પોષ્ટલ સ્ટેમ્પ પર સન્માન મળ્યું






વોર્ડ ક્રમાંક ૧૭૭ માટુંગા ઈસ્ટના કાર્યક્ષમ અને લોકપ્રિય નગરસેવિકા નેહલ અમર શાહ ખોના સાંઘવ-દાદરને રૂ.૫ મૂલ્યની સિનેરિયા-cineraria ફૂલની સ્ટેમ્પ ટિકીટની સાથે માય સ્ટેમ્પ અંતર્ગત પોષ્ટલ વિભાગના યોજનાના ભાગરૂપે પોષ્ટલ સપ્તાહ ૨૦૨૧ની ઉજવણીના ભાગરૂપે પોષ્ટ વિભાગ દાદર પૂર્વ હેડ ઓફિસ દ્વારા તા.૧૨ ઓક્ટોબર રોજે રીલીઝ કરવાનો સમારોહ યોજાયો અને સ્ટેમ્પ ટિકીટનું વિમોચન કરી નગરસેવિકા નેહલ અમર શાહ-ખોનાને અર્પણ કરાઈ.




## જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ જલગામમાં શ્રી મણિભદ્રવીર મહાપૂજન હવન કરાયું

તપગચ્છ અધિષ્ટાયક પ્રકટ પ્રભાવી હાજરા હજુર શ્રી મણિભદ્રવીર મહાપૂજન તથા હવન તા.૧૦ ઓક્ટોબર રવિવાર આસો સુદ પાંચમ પ્રકટ દિને ૧૦૮ જોડીઓ દ્વારા ભાવપૂર્વક કરાયું. પાંજરાપોળ સંસ્થાન, ગૌશાળા, નેરીનાકા જલગામ સ્થળે આ ધર્મ આરાધના અવસરે પ.પૂ.સા.શ્રી સંવેગ નિધિશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી ધ્યાનનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ની પાવન નિશ્રા રહી હતી.

મહાપૂજન મુખ્ય લાભાર્થી પરિવાર દિલીપકુમાર હિરાચંદ ચૌવટિયા પરિવાર જલગામ ભંડાર.

## મુમુક્ષુ કુમારી મૌલિ મૈશેરીને દિક્ષા મુહૂર્ત પ્રદાન કરાયું



કચ્છ લાલાના ખ્યાતિબેન રાજેશ મુલચંદભાઈ પુનશીની ૧૪ વર્ષીય પુત્રી મૌલિ કુમારી પ્રભુ વીરના માર્ગને પામવાના ભાવ કરેલ છે. તેમના દિક્ષા મુહૂર્તના વધામણા દશેરાના શુભ દિને તા.૧૫ ઓક્ટોબર શુક્રવારના સવારે ૧૦ કલાકે માટુંગા કચ્છી મૂર્તિપૂજક જૈન શ્વેતાંબર સંઘ નારાયણ શામજી વાડી માટુંગા આંગણે અચલગચ્છાધિપતિ સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા.ના દ્વારા પ.પૂ.પ્રર્વતિની પ્રવરા માતૃહૃદયા સુસાધ્વી પ.પૂ.ગુરૂમૈયા શ્રી અરૂણોદયશ્રીજી મ.સા., કાર્યકુશલા પ્રવચન પ્રભાવિકા પ.પૂ.સાધ્વી શ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા., મધૂર પ્રવચનકારી સાધ્વી પ.પૂ.શ્રી ભાવગુણાશ્રીજી મ.સા. તથા શ્રમણ શ્રમણી ગુરૂ ભગવંતોની શુભનિશ્રામાં પ્રદાન કરાયું.

# કચ્છી દશા ઓશવાળ મંડળ ડોંબિવલી દ્વારા
# શ્રી મહાકાળી માતાજીની ભાવનાનું ઓનલાઈન આયોજન

શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીની દર વર્ષની પરંપરા રૂડા પર્યુષણ પર્વના સમાપન બાદ અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના, સ્નેહમિલન તથા તપસ્વી બહુમાનનું આયોજન કરાય છે. જોકે વર્તમાન સંજોગોને લીધે સરકારશ્રીના આદેશ અનુસાર જાહેર આયોજન કરી શકાતા નથી.

વર્ષમાં ઓછામાં ઓછું એકવાર તો સહુ સાથે મિલાપ મેળાપ કરી પ્રફુલ્લિતાથી મળતા હતા એવી રીતે છેલ્લાં બે વર્ષથી મળી શક્યા નથી. છતાં સૌ અન્ય કોઈ રીતે સૌ સંગાથે મળી અને માણી શકીએ એ હેતુથી આ વર્ષે શ્રી અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવનાનું ઓનલાઈન લાઈવ આયોજન યુટ્યૂબ લિંક https://youtu.be/nFJUpWctcksના માધ્યમથી તા.૨૪ ઓક્ટોબર રવિવાર બપોરે ૩ કલાકથી કરાશે. ઉપર આપેલ બારકોડને સ્કેન કરીને પણ ભક્તિ ભાવનામાં જોડાઈ શકશો. સૌ જ્ઞાતિજનો યુટ્યૂબના માધ્યમથી આ ભક્તિ ભાવનામાં જોડાવા માટે નમ્ર વિનંતી સહ આમંત્રણ છે.

માતાજીની ભક્તિ ભાવના ૨૦૨૧નો અનેરો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી લોડાયા પરિવાર નલિયા-મુલુંડએ લીધેલ છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પ્રવીણ ખોના**
તા.૧૦ ઓક્ટો.(ઉ.૭૪)
સાંધવ-નાશિક



**નિર્મલા ખોના**
તા.૧૦ ઓક્ટો.(ઉ.૭૮)
તેરા-દાદર



**ડૉ.કાસી ધરમશી**
તા.૧૦ ઓક્ટો.(ઉ.૭૭)
સાંધાણ-કોઈમ્બતુર



**દામજી લોડાયા**
તા.૧૧ ઓક્ટો.(ઉ.૮૧)
વરાડિયા-થાણા



**હીરજી મોમાયા**
તા.૧૫ ઓક્ટો. (ઉ.૭૯)
ડુમરા-ઘાટકોપર



**પુષ્પા મોતા**
તા.૧૫ ઓક્ટો.(ઉ.૮૫)
સુથરી-ઔરંગાબાદ



**નરેન્દ્ર ધરમશી**
તા.૧૬ ઓક્ટો.(ઉ.૬૨)
સેવક ભરૂડીયા-પાલીતાણા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● મૂળ ભુજના હાલે હૈદ્રાબાદના ધ્રુવ હિતેન ગિરિએ એક મિનિટમાં ૪૪ સિક્કા ઊભા રાખી વિક્રમ સર્જયો હતો. આ સિધ્ધિ હાંસલ કરવા બદલ તેને વર્લ્ડ રેકોર્ડસ ઈન્ડિયામાં સ્થાન મેળવ્યું હતું. રેકોર્ડ ઈન્ડિયાનો જૂનો રેકોર્ડસ ૩૪ સિક્કાનો બ્રેક કરીને પોતાને નામ અંકે કર્યો હતો. રેકોર્ડસનું પ્રમાણ પત્ર વર્લ્ડ રેકોર્ડસ ઈન્ડિયાના નિર્ણાયક મિલન એમ.સોની તથા દેવ્યાની એમ.સોનીએ અર્પણ કર્યું હતું અને આગળ વધુ વિક્રમ પોતાના નામે કરે તેવી શુભેચ્છા આપી હતી. ધ્રુવએ છેલ્લા ૧ વર્ષથી સખત મહેનત કરી હતી અને આખરે મોસ્ટ કોઈન્સ બેલેન્સડ અપરાઈટ ઈન વન મિનિટનું ટાઈટલ પોતાના નામે કર્યું હતું.

● મુલુંડના કચ્છી જૈન દંપતિએ વર્ષીતપની ઉગ્ર તપશ્ચર્યાના પારણાની ઉજવણી કરવાને બદલે સમાજ સેવાર્થે ઓક્સિજન એમ્બ્યુલન્સ અર્પણ કરવાનો સંકલ્પ કર્યો અને તેને પૂર્ણ પણ કર્યો. મૂળ કચ્છ ગુંદાલાના સજોડે વર્ષી તપ કરનાર કિરણબેન અને મનોજભાઈ શાહ (ટિપટોપ પરિવાર થાણા)એ વર્ષી તપની પૂર્ણાહુતિ પ્રસંગે કોઈ સમારોહ ન યોજી એ નાણાનો સદ્‌પયોગ કરવાનો નિર્ણય કર્યો. કોવિડ કાળને ધ્યાનમાં રાખી ઓક્સિજન સાથેની એમ્બ્યુલન્સ જૈન યુથ ફાઉન્ડેશન મુલુંડને આપી છે. સેવાના ભેખધારી તરીકે જાણીતા સમાજસેવક વસંતભાઈ ગલીયાએ પાંચ હજારથી કોરોના દર્દીઓને નિઃશુલ્ક સારવાર અપાવી છે. તેમનો ફોટોગ્રાફ એમ્બ્યુલન્સ પર લગાડીને તેમની અનુમોદના કરાઈ છે.

● મસ્કત ગુજરાતી સમાજ ઓમાન દ્વારા મસ્કતથી ભુજ સીધી વિમાની સેવા શરૂ કરવા તત્કાલીન ગુજરાતના મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણીને રજૂઆત કરાઈ હતી. મસ્કત ગુજરાતી સમાજના ગુજરાતી વિંગ ઓફ ઈન્ડિયન સોશ્યલ ક્લબ મસ્કતના ઉપપ્રમુખ અને મહામંત્રીના જણાવ્યા મુજબ કચ્છએ વિકાસનું એન્જીન છે. કચ્છનો વિકાસ કરવામાં એમઆરઆઈ ગુજરાતી કચ્છીઓનો સિંહફાળો રહ્યો છે. છેલ્લા ૨૦ વર્ષથી આ માટે આ સમાજ પ્રયત્નશીલ છે. જેથી ઈન્ટરનેશનલ એરપોર્ટના દરજ્જો મળે તો સોનામાં સુંગધ ભળે. ત્યાં સુધી અમદાવાદથી ભુજ જોડાણ મળે તો અત્યંત રાહત રૂપ થાય અને કચ્છના વિકાસને પૂરતું બળ મળે.

● કાંતિ ગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીમાં તપાગચ્છાધિપતિ આચાર્ય મનોહર કીર્તિ સાગરસૂરિશ્વરજી મ.સા. એડવાન્સ રિસર્ચ સેન્ટર ફોર જૈન સ્ટડીઝ તથા જે.કે.ગાંધી આઈએ એસ સ્ટડી સેન્ટરની સ્થાપના માટે ૫૧ લાખ રૂપિયાના દાન અર્પણ વિધિ કરવાનો કાર્યક્રમ અમદાવાદમાં યોજાયો. ધર્મ, સંસ્કૃતિ સંરક્ષણ, બહુમૂલ્ય પરંપરાઓ અને સંસ્કાર સિંચન માટે યુનિવર્સિટીમાં આવા સ્ટડી સેન્ટર આજના માહોલમાં ઘણા ઉપયોગી નીવડશે એવો આશાવાદ આ પ્રસંગે વ્યક્ત કરાયો હતો.

● નખત્રાણા તાલુકાના સુમરી રોહા ગામ સ્થિત જીવન સંધ્યા ટ્રસ્ટ વૃધ્ધાશ્રમમાં ૨૦૦૯ થી ભૂકંપમાં પરિવાર ગુમાવનારા હીરાલાલ જમતમલ સિંધી દાખલ થયા અને ૧૩ વર્ષ રહ્યાં બાદ તાજેતરમાં અવસાન પામ્યા. તેમને ૧૫ લાખથી વધુ રકમ જીવન સંધ્યા આશ્રમને આપી ગયા. તેઓ કંડલા પોર્ટ ટ્રસ્ટના નિવૃત્ત કામદાર હોવાથી પેન્શનની મળેલી રકમ તેઓ બચાવી તેમને આધાર આપનાર જીવન સંધ્યા આશ્રમને આપી ગયા.

● માંડવી તાલુકાના ચારણોનું વસતી વાળું નાની રાયણ ગામ શિક્ષિત અને સરકારી નોકરી ક્ષેત્રે આગળ પડતું ગામ છે. દાદા ધોરમનાથના બેસણાં છે એવા આ ગામમાં ૫૦ ઘરની વસતીમાં ૪૪ ઘરોમાં સરકારી નોકરિયાત જ્યાર ૧૨ ઘરમાં શિક્ષકો છે. જે કચ્છના વિવિધ ગામોમાં રાહ ચીંધી રહ્યાં છે.



Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY
SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's
biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest &
most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA